# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જુલાઈ - 2016

**સૂચના :** 1. તમામ પ્રશ્નોના જવાબ ફરજિયાત છે.

2. જ્યાં સુધી ખંડનિરીક્ષક ન જણાવે ત્યાં સુધી જવાબ લખવાનું શરૂ કરવું નહિ.
3. જવાબપત્રકની પાછળ આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચ્યા બાદ જવાબ લખવાનું શરૂ કરવું
4. પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્ર અને જવાબપત્ર બંને ખંડ–નિરીક્ષકને એક સાથે પરત કરવાનું અનિવાર્ય છે. આથી કોઈપણ પરીક્ષાર્થીએ પ્રશ્નપત્ર પોતાની સાથે લઈ જવાનો આગ્રહ રાખવો નહિ. પ્રશ્નપત્ર સાથે લઈ જનાર વિદ્યાર્થી આ પરીક્ષા માટે ગેરલાયક ઠરશે.
5. વૈકલ્પિક પસંદગીના દરેક પ્રશ્નના ઉત્તર માટે ચાર વિકલ્પ જણાવ્યા છે. જેમાંથી એક સાચો હોવાની શકયતા છે. સાચો જવાબ પસંદ કરી જવાબપત્રકમાં યોગ્ય ખાનામાં (x) નિશાની કરો.
6. જે વિદ્યાર્થી પોતાનો સાચો નોંધણી નંબર નહીં દર્શાવે તેનું પરિણામ રદ થશે.

**અભ્યાસક્રમ** **સર્ટિફિકેટ ઈન મેટરનીટી નર્સિંગ આસીસ્ટન્ટ (CTBA)** **નોંધણી** ______________

**પાઠયક્રમ** **: સ્ત્રીનું ઋતુચક્ર અને ગર્ભાવસ્થા (CTBA-01)**

**તારીખ** **: 10/07/2016**

**સમય** **: 11:00 to 012:30** **કુલ ગુણ : 50**

---

| | |
|---|---|
| 1 | અંડાશયનું મુખ્ય કામ શું ઉત્પન્ન કરવાનું છે?<br>(A) અંતઃસ્ત્રાવ (B) સ્ત્રીબીજ (C) બાળક (D) વીર્ય |
| 2 | યોનિમાંથી પ્રવેશેલ શુક્રકોષને સ્ત્રીબીજ સુધી પહોંચાડવામાં કોણ મદદ કરે છે?<br>(A) અંડાશય (B) ગર્ભાશય (C) અંડવાહિની (D) એક પણ નહી |
| 3 | મનુષ્ય સ્ત્રી છે કે પુરુષ તે શેના ઉપરથી ખ્યાલ આવે છે?<br>(A) બાહ્ય જનનાંગો પરથી (B) ચહેરા પરથી<br>(C) શરીર ઉપરથી (D) એક પણ નહી |
| 4 | પુખ્તાવસ્થા દરમ્યાન સ્ત્રીમાં શેની અસર હેઠળ બંન્ને સ્તનનો વિકાસ થાય છે?<br>(A) અંડાશય (B) બાહ્ય જનનાંગો (C) અંતઃસ્ત્રાવો (D) એક પણ નહી |
| 5 | સ્ત્રીના પ્રજનનની ક્રિયામાં કોણ મહત્વનો ભાગ ભજવે છે?<br>(A) સ્ત્રી જનનાંગો (B) પુરુષ જનનાંગો (C) બંન્ને (D) એક પણ નહિ |
| 6 | ગર્ભધારણ પ્રક્રિયાને સીધે સીધો કોના જોડે સંબંધ છે?<br>(A) અંડાશય સાથે (B) ગર્ભાશય સાથે (C) માસિક ઋતુસ્ત્રાવ સાથે (D) એક પણ નહી |
| 7 | અંડબીજ છૂટુ પડવાથી માસિક આવવાનો ગાળો કેટલા દિવસ જેટલો હોય છે?<br>(A) ૨૦ દિવસ (B) ૧૪ દિવસ (C) ૩ દિવસ (D) ૨૮ દિવસ |
| 8 | પુરુષબીજ સમાગમ વખતે ક્યાંથી પ્રવેશે છે?<br>(A) મૂત્રમાર્ગથી (B) યોનિ દ્વારા (C) મળદ્વારથી (D) ગર્ભાશયથી |
| 9 | અંડબીજનું પુરુષબીજ દ્વારા ફલન થાય તો શેનો વિકાસ થાય છે?<br>(A) ગર્ભનો (B) ગર્ભાશયનો (C) અંડાશયનો (D) સ્ત્રીબીજનો |
| 10 | પુરુષબીજ સમાગમ પછી કેટલા દિવસ જીવિત રહી શકે છે?<br>(A) 4 થી 5 દિવસ (B) 1 થી 2 દિવસ (C) 6 થી 10 દિવસ (D) એક પણ નહી |
| 11 | મેલીનો ભાગ નીચે વધારે હોય, માતાનું બ્લડગ્રુપ નેગેટીવ હોય, બી.પી. વધારે હોય, તો કયા લક્ષણો હોય છે?<br>(A) જોખમી ગર્ભાવસ્થા (B) સામાન્ય ગર્ભાવસ્થા<br>(C) સગર્ભાવસ્થા (D) સ્તનપાન અવસ્થા |

| | |
|---|---|
| 12 | પેશાબની તપાસ ક્યારે કરાવવી જોઈએ?<br>(A) દરેક વખતે (B) ડિલીવરી વખતે (C) સગર્ભા વખતે (D) એક પણ નહી |
| 13 | જો દર્દીને ચક્કર આવતા હોય તો શેની તપાસ કરાવવી જોઈએ?<br>(A) લોહીની (B) પેશાબની (C) બી.પી. ની (D) એક પણ નહી |
| 14 | કઈ ઉંમરે ગર્ભાવસ્થા જરૂરી છે?<br>(A) ૨૦ વર્ષ (B) 25 વર્ષ (C) ૩૫ વર્ષ (D) 14 વર્ષ |
| 15 | માસિક સમયગાળો કેટલા દિવસનો હોય છે?<br>(A) એક દિવસ (B) 3 દિવસ (C) 10 દિવસ (D) એક પણ નહિ |
| 16 | ગર્ભાધાનથી પ્રસવ સુધીનો ગાળો કેટલા દિવસનો હોય છે?<br>(A) 180 (B) 200 (C) 280 (D) 300 |
| 17 | ગર્ભાશય મુખ્યત્વે શાનુ બનેલુ હોય છે?<br>(A) બાહ્ય ત્વચા (B) સ્નાયુઓ (C) રક્તકણો (D) એક પણ નહિ |
| 18 | સગર્ભા સ્ત્રીને શેની ગોળીઓ આપવામાં આવે છે?<br>(A) વિટામિન – A (B) ફોલિક એસિડ (C) કેલ્શિયમ (D) એક પણ નહી |
| 19 | એબોર્શનના કેટલા પ્રકાર છે?<br>(A) એક (B) પાંચ (C) બે (D) ત્રણ |
| 20 | શુક્રબીજથી ફલિત સ્ત્રીબીજનો વિકાસ ગર્ભાશયની બહાર થાય તો તેને કઈ પ્રેગનેન્સી કહેવાય?<br>(A) નોર્મલ (B) જોખમી (C) ડિફરન્ટ (D) એક પણ નહી |
| 21 | કેટલા ફૂટ ઊંચાઈ ધરાવતી માતાને સગર્ભા બનવામાં જોખમ છે?<br>(A) 6 ફૂટ (B) 3 ફૂટ (C) 5 ફૂટ (D) 4 ફૂટ |
| 22 | સગર્ભાવસ્થામાં પેશાબની તપાસ કરાતા શેનુ નિદાન ત્વરિત કરી શકાય છે?<br>(A) બી.પી. નું (B) પાંડુરોગ (C) ડાયાબિટીશ (D) એક પણ નહી |
| 23 | ઝાડા ઉલ્ટી થાય તો માતા પર શેની અસર જોવા મળે છે?<br>(A) હાંફ ચડે છે (B) થાકી જાય છે (C) મૃત્યુ પામે છે (D) કસુવાવડ થઈ જાય છે |
| 24 | મેલીનો ભાગ બાળકના ગળામાં વીંટાઈ ગયો છે તે કઈ રીતે ખબર પડે છે?<br>(A) સોનોગ્રાફી (B) પેશાબ (C) નીચેથી (D) એક પણ નહિ |
| 25 | સગર્ભા સ્ત્રીએ સાત માસ પછી કેટલા દિવસે તપાસ કરાવવી જોઈએ?<br>(A) પંદર દિવસ (B) ત્રીસ દિવસ (C) વીસ દિવસ (D) દશ દિવસ |
| 26 | ગર્ભના વિકાસ અને પ્રસૂતિમાં કોણ મહત્વનો ભાગ ભજવે છે?<br>(A) અંડાશય (B) ગર્ભાશય (C) અંડવાહિની (D) એક પણ નહી |
| 27 | અંડાશયનો આકાર કેવો હોય છે?<br>(A) ગોળ (B) ત્રિકોણ (C) ચોરસ (D) એક પણ નહિ |
| 28 | સ્ત્રી એક કરતા વધારે પુરુષો સાથે સંબંધ બાંધેતો શું થાય છે?<br>(A) મૃત્યુ પામે છે (B) એઇડ્સ થાય છે (C) બી.પી. હાઈ થઇ જાય (D) એક પણ નહી |
| 29 | સગર્ભા અવસ્થા દરમ્યાન સ્ત્રીના વજનમાં શુ જોવા મળે છે?<br>(A) ઘટાડો (B) વધારો (C) બંન્ને (D) એક પણ નહી |
| 30 | જન્મ સમયે બાળકનું વજન કેટલું હોવું જરૂરી છે?<br>(A અઢી કિલોગ્રામ (B) એક કિલોગ્રામ (C) પાંચ કિલોગ્રામ (D) એક પણ નહી |
| 31 | સ્ત્રીના શરીરમાં કેટલા અંડાશય હોય છે?<br>(A) બે (B) ત્રણ (C) એક (D) એક પણ નહી |

| | |
|---|---|
| 32 | બાળકના ધબકારા શેના વડે સાંભળી શકાય છે?<br>(A) સ્ટેથોસ્કોપ (B) બેરામિટર (C) નજીક કાન રાખવાથી (D) અવાજથી |
| 33 | ગર્ભધારણ શેના વડે પાકુ જાણી શકાય?<br>(A) સોનોગ્રાફી (B) પેટ ઉપર હાથ મૂકવાથી (C) પેશાબ વડે (D) એક પણ નહિ |
| 34 | સ્ત્રીના જીવનનો અગત્યનો ભાગ કયો છે?<br>(A) સ્તનપાન અવસ્થા (B) વૃદ્ધાવસ્થા (C) કિશોરાવસ્થા (D) સગર્ભાવસ્થા |
| 35 | માતાને ખેંચ આવે ત્યારે તેના ઉપર શું અસર થાય છે?<br>(A) ન્યુમોનિયા (B) સોજા આવે છે (C) ડાયાબિટીશ (D) ઉધરસ |
| 36 | મેલેરિયા થયો હોય ત્યારે શું અસર જોવા મળે છે?<br>(A) ઠંડી લાગે અને ચઢ ઉતરનો તાવ આવે (B) પેટમાં દુ:ખાવો થાય<br>(C) વધુ ખાવાનુ મન થાય (D) ભૂખ લાગતી નથી |
| 37 | ઝાડા ઉલ્ટીમાં દર્દીમાં કઈ અસર જોવા મળે છે?<br>(A) દર્દીને વારંવાર ઉલ્ટી અને પાણી જેવા ઝાડા થાય છે (B) નબળાઈ લાગવી<br>(C) મૃત્યુ થાય છે (D) એક પણ નહી |
| 38 | માતાને છેલ્લા ત્રણ મહિનામાં રક્તસ્ત્રાવ થયો હોય તો કઈ તપાસ કરાવવી જરૂરી છે?<br>(A) સોનોગ્રાફી (B) નીચેથી હાથ વડે (C) પેટ ઉપર હાથ મૂકીને (D) એક પણ નહિ |
| 39 | ગર્ભ અંદર મૃત્યુ પામેલ હોય તેને શું કહેવાય?<br>(A) Missed Abortion (B) Septic Abortion (C) Compelete Abortion (D) Inevitable Abortion |
| 40 | ગર્ભનો થોડો ભાગ પડી જાય અને થોડો ભાગ અંદર રહે ત્યારે આવી પરિસ્થિતિને શું કહે છે?<br>(A) પ્રોસેસ ચાલુ (B) અધૂરુ અબોર્શન (C) ઇન્ફેકશન (D) સંપૂર્ણ અબોર્શન |
| 41 | 35 વર્ષથી મોટી ઉંમરની સ્ત્રી માતા બને તો શુ થવાના ચાન્સ વધારે રહે છે?<br>(A) V-Mole (B) B-HCG (C) ડાયાબિટીશ (D) ન્યુમોનિયા |
| 42 | વેસિક્યુલર મોલ એ કેવી પરિસ્થિતિ છે?<br>(A સામાન્ય (B) મધ્યમ (C) ગંભીર (D) એક પણ નહી |
| 43 | આંકડી મૂકાવેલી હોય તેનાથી નળીમાં પ્રેગનેન્સી રહેવાનો ભય કેટલા ગણો વધારે રહે છે?<br>(A) સાત ગણો (B) બે ગણો (C) ત્રણ ગણો (D) એક પણ નહી |
| 44 | કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવેલ હોય ત્યારે ગર્ભ ક્યાં રહે છે?<br>A) ગર્ભમાં (B) અંડાશયમાં (C) નળીમાં (D) એક પણ નહી |
| 45 | કઈ જગ્યાએ એકટોપીક પ્રેગનેન્સીનો વિકાસ થાય છે?<br>(A અંડપિંડ (B) અંડાશય (C) ગર્ભાશય (D) એક પણ નહિ |
| 46 | શું વધવાથી બાળકને કમળો થાય છે?<br>(A) રક્તકણો (B) બીલીરૂબીન (C) શ્વેતકણો (D) એક પણ નહી |
| 47 | પીઠ અને કમરના દુ:ખાવા દરમ્યાન શુ વધારે કરાવવું જોઈએ?<br>(A) ચાલવાનું (B) દોડવાનું (C) આરામ કરવાનું (D) એક પણ નહી |
| 48 | જો ગર્ભાશયમાં બે ગર્ભ હોય તો તેને શું કહેવાય?<br>(A) ટ્વીન્સ (B) ગર્ભવતી (C) સગર્ભાસ્ત્રી (D) એક પણ નહી |
| 49 | બાળકના રકતકણોનો વિનાશ થયો હોય તો તે ને જન્મજાત શું થાય છે?<br>(A) પાંડુરોગ (B) ડાયાબિટીસ (C) ન્યુમોનિયા (D) એક પણ નહી |
| 50 | સગર્ભા સ્ત્રીની પ્રસૂતિ ગામડામાં કોણ કરાવે છે?<br>(A) ડૉકટર (B) નર્સ (C) દાયણ (D) કોઈપણ સ્ત્રી |

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જુલાઈ-2016

**સૂચના :**
1. તમામ પ્રશ્નોના જવાબ ફરજિયાત છે.
2. જયાં સુધી ખંડનિરીક્ષક ન જણાવે ત્યાં સુધી જવાબ લખવાનું શરૂ કરવું નહિ.
3. જવાબપત્રકની પાછળ આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચ્યા બાદ જવાબ લખવાનું શરૂ કરવું
4. પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્ર અને જવાબપત્ર બંને ખંડ–નિરીક્ષકને એક સાથે પરત કરવાનું અનિવાર્ય છે. આથી કોઈપણ પરીક્ષાર્થીએ પ્રશ્નપત્ર પોતાની સાથે લઈ જવાનો આગ્રહ રાખવો નહિ. પ્રશ્નપત્ર સાથે લઈ જનાર વિદ્યાર્થી આ પરીક્ષા માટે ગેરલાયક ઠરશે.
5. વૈકલ્પિક પસંદગીના દરેક પ્રશ્નના ઉત્તર માટે ચાર વિકલ્પ જણાવ્યા છે. જેમાંથી એક સાચો હોવાની શકયતા છે. સાચો જવાબ પસંદ કરી જવાબપત્રકમાં યોગ્ય ખાનામાં (x) નિશાની કરો.
6. જે વિદ્યાર્થી પોતાનો સાચો નોંધણી નંબર નહીં દર્શાવે તેનું પરિણામ રદ થશે.

**અભ્યાસક્રમ** : સર્ટિફિકેટ ઈન મેટરનીટી નર્સિંગ આસીસ્ટન્ટ **(CTBA)** નોંધણી નંબર : __________

**પાઠયક્રમ** : પ્રસૂતિ દરમ્યાન અને પ્રસૂતિ સંભાળ **(CTBA-02)**

**તારીખ** : **11/07/2016**

**સમય** : **11:00 to 12:30** **કુલ ગુણ : 50**

| | |
|---|---|
| 1 | ગર્ભાવસ્થાના કયા અઠવાડિયામાં મોટે ભાગે સ્ત્રીને પ્રસૂતિનો દુઃખાવો ઉપડે છે?<br>(A) 28 થી 31 અઠવાડિયા (B) 31 થી 41 અઠવાડિયા<br>(C) 41 થી 42 અઠવાડિયા (D) 27 થી 28 અઠવાડિયા |
| 2 | લેબરની શરૂઆત થવાના ચિહ્નો કયા છે?<br>(A) લાલ રંગનો સ્ત્રાવ થાય (B) ગર્ભાશયનું મુખ ખુલે C) ગર્ભાશય કડક થાય (D) ઉપરના બધા જ |
| 3 | પ્રસૂતિની શરૂઆત વખતે જે લાલ રંગનો સ્ત્રાવ થાય છે તેને શું કહે છે.<br>(A) શો (B) ટૉ (C) લીકર (D) એકપણ નહિ |
| 4 | ગર્ભની ફરતે તેનું પાણી ગર્ભજળ શું કહેવાય છે?<br>(A) શો (B) લીકર (C) પેરીનિયમ (D) એકપણ નહિ |
| 5 | ગર્ભાશયનું મુખ દુઃખાવાના શરૂના આઠ કલાકમાં૩ સે.મી. જેટલું ખૂલે છે તેને કયો ફેઝ કહેવાય છે?<br>(A) લેટેન્ટ ફેઝ (B) એક્ટીવ ફેઝ (C) રીએક્ટીવ ફેઝ (D) એકપણ નહિ |
| 6 | કયા અંતઃસ્ત્રાવથી ગર્ભાશય કઠણ બને છે?<br>(A) ઇસ્ટ્રોજન (B) પ્રોજેસ્ટીરોન (C) કેલ્શિયમ (D પ્રોસ્ટાગ્લેન્ડીન |
| 7 | ગર્ભાવસ્થામાં કઈ ગ્રંથિમાંથી ઇસ્ટ્રોજન તત્વનો સ્ત્રાવ થાય છે?<br>(A) નોરએડ્રીનાલીન (B) એડ્રિનાલ (C) એપીનેફ્રીન (D) નોરએપીનેફ્રીન |
| 8 | પેઢું નો ભાગ શેનો બનેલો હોય છે?<br>(A) હાડકા (B) માંસપેશી (C) સ્નાયુ (D) a અને b બંને |
| 9 | પેઢુ ના કેટલા ભાગ છે?<br>(A) ત્રણ (B) ચાર (C) એક (D) બે |
| 10 | બાળકના ધબકારા કયા સાધનની મદદથી સાંભળી શકાય?<br>(A) ફિટોસ્કોપ (B) સ્ટેથોસ્કોપ (C) ડોપ્લર (D) ઉપરના બધા જ |
| 11 | મોટે ભાગે ડીલીવરીના પ્રથમ તબક્કાના અંતે શું ફૂટે છે?<br>(A) ગર્ભાશય (B) ગર્ભાવરણ (C) અંડાશય (D) એકપણ નહિ |

| | |
|---|---|
| 12 | ડીલીવરી પછી જયારે બાળકનું માથું બહાર આવતું હોય ત્યારે અથવા તે પછી કયું ઇન્જેક્શન આપવામાં આવે છે?<br>(A) ઈથાર્જીન (B) ઈથીલીન (C) મિથાર્જીન (D) મિથીલીન |
| 13 | બાળકના મોં અને ગળામાંથી ચીકણો પદાર્થ શેનાથી ચૂસી લેવું જરૂરી છે?<br>(A) જ્યુક્સ કેથેટર (B) કેથેટર (C) નળી (D) એકપણ નહિ |
| 14 | બાળકના ધબકારા કેટલી મિનિટે તપાસવા જોઈએ?<br>(A) 5 મિનિટે (B) 10 મિનિટે (C) 15 મિનિટે (D) 20 મિનિટે |
| 15 | આપણા દેશમાં સગર્ભા માતાના મૃત્યુનું મુખ્ય કારણ શું હોય છે?<br>(A) ચેપ (B) રક્તસ્ત્રાવ (C) ખેંચ (D) તાવ |
| 16 | પ્રસૂતિ બાદનો રક્તસ્ત્રાવ કયા કારણોસર થઇ શકે?<br>(A) ગર્ભાશયનું ફાટી જવું (B) લોહીનું બરાબર ન ગંઠાવું<br>(C) ગર્ભાશયની સંકોચન શક્તિ ગુમાવી દેવી (D) ઉપરના બધા જ |
| 17 | અસામાન્ય રક્તસ્ત્રાવની અસરો નીચેનામાંથી કઈ થઇ શકે?<br>(A) માતા ફિક્કી પડી જાય (B) લોહીનું દબાણ ઘટી જાય<br>(C) ચામડી ઠંડી પડી જાય (D) ઉપરના બધા જ |
| 18 | જો ઓળ છૂટી પડી ગઈ હોય તો કઈ ગોળી ગુદા વાટે મૂકી શકાય?<br>(A) મિઝોપ્રોસ્ટલ (B) મિથાર્જીન (C) પ્રોસ્ટલ (D) એકપણ નહિ |
| 19 | બાળકનું માથું કયા અઠવાડિયે પેઢુની અંદર ઉતારી જાય છે?<br>(A) 34 થી 36 (B) 36 થી 38 (C) 38 થી 40 (D) એકપણ નહિ |
| 20 | મોટાભાગે જે સ્ત્રીની પ્રથમ સુવાવડ હોય તેમાં કયું સંકોચન થવાની શક્યતા રહે છે?<br>(A) હાઇપર ટોનિક સંકોચન (B) હાઈપોટોનિક સંકોચન<br>(C) આઈસોટોનિક સંકોચન (D) એકપણ નહિ |
| 21 | અસામાન્ય સંકોચન કેટલા પ્રકારના હોઈ શકે?<br>(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર |
| 22 | અવરોધિત પ્રસૂતિમાં ગર્ભાશયમાં આડો ખાંચો પડે છે અને સ્પર્શથી જાણી શકાય છે જેને શું કહે છે?<br>(A) બેન્ડલની રીંગ (B) કેન્ડલની રીંગ (C) ગર્ભાશયની રીંગ (D) ગર્ભાવરણની રીંગ |
| 23 | કઈ પરિસ્થિતિ ખૂબ જ જોખમી છે?<br>(A) સામાન્ય પ્રસૂતિ (B) અવરોધિત પ્રસૂતિ (C) અસાધારણ પ્રસૂતિ (D) સાધારણ પ્રસૂતિ |
| 24 | જંતુમુક્તતા માટે દાઈઓને સુવાવડ વખતે શું આપવામાં આવે છે?<br>(A) મમતા કીટ (B) બચ્ચા કીટ (C) સુવાવડ કીટ (D) પ્રસૂતિ કીટ |
| 25 | પ્રસૂતિ બાદના દોઢ મહિનાના ગાળાને શું કહેવામાં આવે છે?<br>(A) ક્યુપ્રેરિયમ (B) પેરિયમ (C) પ્યુરપેરિયમ (D) એકપણ નહિ |
| 26 | કઈ પ્રક્રિયા દરમ્યાન સ્ત્રી જનનાંગો પ્રસૂતિબાદ અમુક સમયગાળે સગર્ભાવસ્થા પહેલાનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે?<br>(A) ઇન્વોલ્યુશન (B) પ્યુરપેરીયમ (C) ઈવોલ્યુશન (D) ઉપરના બધા જ |
| 27 | પ્રસૂતિ બાદ ગર્ભાશયની દિવાલો કેટલા સે.મી જેટલી જાડી હોય છે?<br>(A) ત્રણ થી ચાર (B) ચાર થી પાંચ (C) પાંચ થી છ (D) છ થી સાત |
| 28 | ઇન્વોલ્યુશનની પ્રક્રિયામાં શેનું કદ નાનું થાય છે?<br>(A) કોષ (B) સ્નાયુપેશી (C) સ્નાયુકોષ (D) ગર્ભાશય |
| 29 | પ્રસૂતિ બાદ ગર્ભાશયની અંદરની દિવાલમાંથી સ્ત્રાવ થાય છે જેને શું કહેવાય છે?<br>(A) અંતઃસ્ત્રાવ (B) સોલ્યુશન (C) ઉત્સેચક (D) લોકિયા |
| 30 | પ્રસૂતિના થાકને લીધે પ્રસૂતિ બાદ તરત જ નાડીના ધબકારા કેવા હોય છે?<br>(A) વધુ (B) ઓછા (C) સામાન્ય (D) એક પણ નહિ |

| | |
|---|---|
| 31 | ગર્ભાવસ્થા દરમ્યાન શું થવાથી હિમોગ્લોબીનનું પ્રમાણ ઓછું લાગે છે?<br>(A) હિમોકોન્સન્ટ્રેશન (B) હિમોકોન્સ્ટ્રકશન (C) હિમોડાઈલ્યુશન (D) હિમોડાયાલિસીસ |
| 32 | પ્રસૂતિ બાદ ગર્ભાશય ખાલી થવાના કારણે કેટલા કિલો વજન ઓછું થાય છે?<br>(A) 4 થી 5 (B) 5 થી 6 (C) 6 થી 7 (D) 7 થી 8 |
| 33 | પ્રસૂતિ બાદ પ્રથમ અઠવાડિયામાં ઓછામાં ઓછું કેટલા લીટર પાણી શરીરમાંથી ઓછું થાય છે?<br>(A) 2 લીટર (B) 3 લીટર (C) 4 લીટર (D) 1 લીટર |
| 34 | પ્રસૂતિ બાદ તરત જ સ્ટ્રેસના લીધે કયા કણોનું પ્રમાણ ઊંચું રહે છે?<br>(A) રક્તકણો (B) શ્વેતકણો (C) ત્રાકકણો (D) રૂધિરકણો |
| 35 | પ્રસૂતિના એકાદ અઠવાડિયામાં શેનું પ્રમાણ નોર્મલ થઇ જાય છે?<br>(A) રક્તકણ (B) શ્વેતકણ (C) રૂધિરકણ (D) ત્રાકકણ |
| 36 | જો પ્રસૂતાનું બ્લડગ્રુપ નેગેટીવ અને બાળકનું બ્લડગ્રૂપ પોઝીટીવ આવેતો કયું ઈન્જેકશન પ્રસૂતિ બાદ આપવામાં આવે છે?<br>(A) એન્ટી એ (B) એન્ટી બી (C) એન્ટી સી (D) એન્ટી ડી |
| 37 | પ્રસૂતિ બાદ પ્રસૂતાને કેવો આહાર લેવો જોઈએ?<br>(A) વધુ કેલેરી વાળો (B) વધુ પ્રોટીન વાળો (C) વધુ આયર્ન વાળો (D) ઉપરના બધાજ |
| 38 | ધાવણ આપતી બહેનો માટે કઈ ગોળીઓ ફાયદાકારક છે?<br>(A) કેલ્શિયમ (B) આયર્ન (C) વિટામીન (D) એકપણ નહિ |
| 39 | પ્રસૂતિ બાદ તરત જ શરૂઆતમાં ઘાટ્ટા-પીળા રંગનો સ્ત્રાવ થાય છે જેને શું કહેવાય છે?<br>(A) દૂધ (B) કોલેસ્ટ્રમ (C) ધાવણ (D) એકપણ નહિ |
| 40 | કોલેસ્ટ્રમમાં કયું તત્વ હોય છે જે બાળકને રોગપ્રતિકારક શક્તિ પૂરી પાડે છે?<br>(A) ગામા-ગ્લોબ્યુલીન (B) ગ્લોબ્યુલીન (C) સ્ટાર્ચ (D) પ્રોટીન |
| 41 | ધાવણમાં કયું વિટામીન હોતું નથી?<br>(A) વિટામીન A (B) વિટામીન B કોમ્પ્લેક્સ (C) વિટામીન C (D) વિટામીન K |
| 42 | સ્ત્રીજનનાંગોમાં પ્રસૂતિ બાદ જે ચેપ થાય છે, તેને શું કહેવાય છે?<br>(A) પ્યુરપેરલ સેપ્સીસ (B) પ્યુરલ સેપ્સીસ (C) પેરિયલ સેપ્સીસ (D) એક પણ નહિ |
| 43 | સ્ત્રીજનનાંગોમાં ચેપ થવાના કારણો કયા હોઈ શકે?<br>(A) પાંડુરોગ (B) લોહીનું ઊંચું દબાણ (C) પાણી પડી જવું (D) ઉપરના બધા જ |
| 44 | પ્રસૂતિ બાદ નળીઓમાં લોહીનું ગંઠાઈ જવાનું નિદાન કઈ રીતે થાય છે?<br>(A) સોનોગ્રાફી (B) ફ્લેબોગ્રાફી (C) આઈસોટીપ્સ (D) ઉપરના બધા જ |
| 45 | પ્રસૂતામાં માનસિક બીમારી શરીરમાં શેનું પ્રમાણ ઓછું થવાને લીધે થાય છે?<br>(A) ઇસ્ટ્રોજન (B) પ્રોજેસ્ટેરોન (C) પ્રોલેકટીન (D) એકપણ નહિ |
| 46 | પાંડુરોગ લોહીમાં કયું તત્વ ઓછું થવાથી થાય છે?<br>(A) આયર્ન (B) લોહતત્વ (C) હિમોગ્લોબીન (D) કેલ્શિયમ |
| 47 | સેકન્ડરી પી.પી.એચ એટલે પ્રસૂતિબાદ કેટલા સમયમાં થતો રક્તસ્ત્રાવ?<br>(A) 24 કલાકથી 4 અઠવાડિયા (B) 24 કલાકથી 6 અઠવાડિયા<br>(C) 24 કલાકથી 7 અઠવાડિયા (D) 24 કલાકથી 8 અઠવાડિયા |
| 48 | નીચેનામાંથી જંતુ દ્વારા થતી બીમારી કઈ છે?<br>(A) ટીટેનસ (B) ડાયાબીટીસ (C) હ્રદયરોગ (D) કિડનીની બીમારી |
| 49 | પ્રસૂતિ બાદ માતાને વચ્ચેના તબક્કામાં આવતા દૂધને શું કહે છે?<br>(A) કોલેસ્ટ્રમ (B) સમાન્ય ધાવણ (C) ટ્રાન્ઝીસ્નલ મિલ્ક (D) હાઈન્ડ મિલ્ક |
| 50 | હાઈન્ડમિલ્કમાં શેનું પ્રમાણ વધુ હોય છે?<br>(A) ફેટ (B) પ્રોટીન (C) કાર્બોદિત પદાર્થો (D) વિટામીન |

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જુલાઈ - 2016

**સૂચના :** 1. તમામ પ્રશ્નોના જવાબ ફરજિયાત છે.

2. જયાં સુધી ખંડનિરીક્ષક ન જણાવે ત્યાં સુધી જવાબ લખવાનું શરૂ કરવું નહિ.

3. જવાબપત્રકની પાછળ આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચ્યા બાદ જવાબ લખવાનું શરૂ કરવું

4. પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્ર અને જવાબપત્ર બંને ખંડ–નિરીક્ષકને એક સાથે પરત કરવાનું અનિવાર્ય છે. આથી કોઈપણ પરીક્ષાર્થીએ પ્રશ્નપત્ર પોતાની સાથે લઈ જવાનો આગ્રહ રાખવો નહિ. પ્રશ્નપત્ર સાથે લઈ જનાર વિદ્યાર્થી આ પરીક્ષા માટે ગેરલાયક ઠરશે.

5. વૈકલ્પિક પસંદગીના દરેક પ્રશ્નના ઉત્તર માટે ચાર વિકલ્પ જણાવ્યા છે. જેમાંથી એક સાચો હોવાની શકયતા છે. સાચો જવાબ પસંદ કરી જવાબપત્રકમાં યોગ્ય ખાનામાં (x) નિશાની કરો.

6. જે વિદ્યાર્થી પોતાનો સાચો નોંધણી નંબર નહીં દર્શાવે તેનું પરિણામ રદ થશે.

**અભ્યાસક્રમ** : સર્ટિફિકેટ ઈન મેટરનીટી નર્સિંગ આસીસ્ટન્ટ **(CTBA)** નોંધણી નંબર : ___________
**પાઠયક્રમ** : નવજાત શિશુ સંભાળ અને કુટુંબ નિયોજન **(CTBA-03)**
**તારીખ** : **12/07/2016**
**સમય** : **11:00 to 12:30** **કુલ ગુણ : 50**

---

| | |
|---|---|
| 1 | બાળકના જન્મ પછી કેટલા અઠવાડિયા સુધી આપણે બાળકને નવજાત શિશુ તરીકે ઓળખીએ છીએ.<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ |
| 2 | પ્રસૂતિ બાદ પ્રથમ અઠવાડિયામાં ઓછામાં ઓછુ કેટલા લીટર પાણી શરીરમાંથી ઓછું થાય છે.<br>(A) 1 લીટર (B) 2 લીટર (C) 3 લીટર (D) 4 લીટર |
| 3 | મોટા ભાગે જન્મ સમયે બાળકોનું વજન કેટલું હોય છે?<br>(A) 2.5 કિલો (B) 3.5 કિલો (C) 3 કિલો (D) 4 કિલો |
| 4 | મોટાભાગના બાળકો કેટલા અઠવાડિયે જન્મે છે?<br>(A) 30 થી 35 અઠવાડિયા (B) 37 થી 41 અઠવાડિયા<br>(C) 30 થી 32 અઠવાડિયા (D) 40 થી 45 અઠવાડિયા |
| 5 | 42 અઠવાડિયે જન્મેલા બાળકનું વજન કેટલું હોય છે?<br>(A) 2 કિલો (B) 4 કિલો (C) 2.5 કિલો (D) 3 કિલો |
| 6 | મોટાભાગનાં બાળકો જન્મ પછી શું કરે છે?<br>(A) રડવા માંડે છે. (B) હસવા માંડે છે. (C) બોલવા માંડે છે. (D) ત્રણમાંથી એકપણ નહિ |
| 7 | વિકાસ પામેલ બાળક ન હોયતો શેની તકલીફ પડે છે.<br>(A) ખાવાની (B) શ્વાસલેવાની (C) બોલવાની (D) રડવાની |
| 8 | બાળકના જન્મ પછી કેટલા સમયમાં બાળકને ધાવણ આપી શકાય ?<br>(A) કલાક પછી (B) અડધા કલાકપછી (C) એક કલાક પછી (D) જન્મ પછી તરત |
| 9 | માતાના શરૂઆતના ધાવણમાં કયું તત્વ હોય છે?<br>(A) લોહ તત્વ (B) કેલ્શિયમ (C) કોલોસ્ટ્રોમ (D) વિટામીન |
| 10 | સ્ત્રીઓમાં સફેદ પાણી પડવાની તકલીફને અંગ્રેજીમાં શું કહે છે?<br>(A) લ્યુકોરિયા (B) ગોનોરિયા (C) મેનોરેજીયા (D) એકપણ નહિ |
| 11 | નબળા બાળકને ગરમી આપવા કેટલા વોલ્ટનો ગોળો વપરાય છે.<br>(A) 200 વોલ્ટ (B) 400 વોલ્ટ (C) 300 વોલ્ટ (D) 100 વોલ્ટ |

| | |
|---|---|
| 12 | આંખો લૂછવા માટે શું વપરાય છે?<br>(A) ચોખ્ખા રૂ ના પૂમડા (B) કપડાનાં ટૂકડા (C) રૂમાલ (D) એકપણ નહિ |
| 13 | શરૂઆતમાં આવતા દૂધને શું કહે છે?<br>(A) દૂધ (B) ખીરું (C) ધાવણ (D) પાણી |
| 14 | ઓરી નીકળ્યા પછી શેના કારણે ફેફસાં બગડી જાય છે.<br>(A) ન્યુમોનિયા (B) ડાયાબિટીસ (C) ઊટાટિયું (D) ડિપ્થેરિયા |
| 15 | શેનાથી બચવા ત્રણ વાર ડોઝ આપવામાં આવે છે.<br>(A) ન્યુમોનિયા (B) ટાઇફોઈડ (C) ડાયાબિટીશ (D) એકપણ નહિ |
| 16 | જન્મ સમયે કઈ રસી આપવામાં આવે છે.<br>(A) ડીપીટી (B) બીસીજી (C) બાળલકવો (D) ટી.બી. |
| 17 | જન્મ પછી બે-ત્રણ દિવસમાં  બાળક કેટલી વખત ઝાડા કરે છે?<br>(A) છ-સાત (B) ચાર-પાંચ (C) ત્રણ-ચાર (D) એક-બે |
| 18 | નવજાત બાળક જન્મના કેટલા કલાક પછી કાળો ઝાડો કરે છે?<br>(A) બે કલાકમાં (B) ચોવીસ કલાકમાં (C) ત્રણ કલાકમાં (D) ચાર કલાકમાં |
| 19 | કમળામાં આંખોમાં શું જોવા મળે છે.<br>(A) સફેદ (B) કાળાશ (C) પીળાશ (D) લાલાશ |
| 20 | માતાની વધુ ઉંમરના કારણે ગર્ભમાં બાળકમાં શું જોવા મળે છે?<br>(A) તંદુરસ્ત (B) ખોડખાંપણ (C) માથાવાગરનું (D) ઓછું વજન |
| 21 | પ્રસૂતિ તથા ગર્ભપાતનું પ્રમાણ ઘટાડી માતાની તંદુરસ્તી કોણ વધારે છે?<br>(A) કુટુંબ નિયોજન (B) W.H.O. (C) ડૉક્ટર (D) દાયણ |
| 22 | માર્ગદર્શન વખતે કેવું વાતાવરણ જળવાવવું જોઈએ?<br>(A) સહાનુભૂતિવાળુ (B) મૈત્રીભર્યું (C) સંતોષકારક (D) સહકારની ભાવનાવાળુ |
| 23 | કાઉન્સેલિંગ એટલે શું?<br>(A) પ્રત્યક્ષ સંકલન (B) પરોક્ષ સંકલન (C) A અને B (D) એકપણ નહિ |
| 24 | કોમ્યુનિકેશનની પ્રક્રિયાના કેટલા ઘટકો છે?<br>(A) પાંચ (B) ચાર (C) ત્રણ (D) એક |
| 25 | કેન્સરની  સારવારમાં મુખ્યત્વે કેટલા વિકલ્પો હોય છે.<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ |
| 26 | એકવાર આંકડી મૂક્યા પછી કેટલા વર્ષ ગર્ભ રહી શકતો નથી.<br>(A) ત્રણ-ચાર વર્ષ (B) બે-ત્રણ વર્ષ (C) પાંચ વર્ષ (D) એક વર્ષ |
| 27 | બાળકના વારંવાર ધાવણ લેવાથી શેનું પ્રમાણ વધે છે.<br>(A) ઈસ્ટ્રોજન (B) પ્રોજેસ્ટેરોન (C) પ્રોલેક્ટિન (D) એકપણ નહિ |
| 28 | નિરોધને ઠંડા કે ગરમ વાતાવરણમાં કેટલા વર્ષ રાખીએ તો ખરાબ થઇ જાય છે?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ |
| 29 | સાદી આંકડી શેની બનેલી હોય છે.<br>(A) કોપરની (B) સ્ટીલની (C) પ્લાસ્ટીકની (D) એકપણ નહિ |
| 30 | કુટુંબનિયોજન માટે વપરાતા બેરીયર સાધનોમાં ડાયાફ્રાગ્મનો આકાર કેવો હોય છે.<br>(A) ગોળાકાર (B) અર્ધગોળાકાર (C) રકાબીજેવો (D) એકપણ નહિ |
| 31 | Cervical cap કેવી સ્ત્રીઓમાં વાપરી શકાય.<br>(A) જેમાં  યોનિનો ટોન વધુ હોય (B) જેમાં ગર્ભાશયનું  કદ નાનું હોય<br>(C) યોનિનો ટોન ઓછો હોય (D) ત્રણમાંથી એકપણ નહિ |

| | |
|---|---|
| 32 | ગર્ભનિરોધક તરીકે એક અસરકારક સાધન કયું છે.<br>(A) આંકડી (B) કોપર-ટી (C) નિરોધ (D) માબાડી |
| 33 | આધુનિક યુગમાં કેટલી જાતની આંકડી વપરાય છે.<br>(A) ત્રણ (B) બે (C) એક (D) ચાર |
| 34 | સૌથી સારી કઈ આંકડી હોય છે.<br>(A) કોપરની (B) સ્ટીલની (C) પ્લાસ્ટીકની (D) એકપણ નહિ |
| 35 | પુરુષજંતુને નિષ્ક્રિય બનાવી અંડબીજનું ફલન થતુ કોણ અટકાવે છે.<br>(A) સ્ટીલ (B) પ્લાસ્ટીક (C) રબ્બર (D) કોપર |
| 36 | આંકડી મૂકાવ્યા પછી કેટલા મહિના પછી દુઃખાવો ઓછો થાય છે.<br>(A) 3-4 મહિના (B) 5-6 મહિના (C) 2-3 મહિના (D) એકપણ નહિ |
| 37 | આર્ટરી ફોરસેપ્સ નામના ચિપિયાથી શું પકડી શકાય છે.<br>(A) ગર્ભાશય (B) દોરો (C) આંકડી (D) બાળક |
| 38 | ગર્ભાશયના મુખને શેનાથી સાફ કરી શકાય.<br>(A) બીડાડીન (B) એન્ટીસેપ્ટીક (C) સાબુ (D) પાણી |
| 39 | આંકડી પેટમાં ઉપર ચડી ગઈ છે તે શેનાથી જોઈ શકાય છે.<br>(A) સોનોગ્રાફી (B) દૂરબીન (C) હાથ (D) પેટ ઉપરથી |
| 40 | નવજાત શિશુના જન્મ પછી બાળકને કેવા વાતાવરણમાં રાખવું જોઈએ?<br>(A) ગરમ (B) ઠંડુ (C) હૂંફાળું (D) ભેજવાળુ |
| 41 | ભારત જેવા વિકાસશીલ દેશોમાં કયા રોગ સામે રક્ષણ મેળવવા માટે OPV આપવામાં આવે છે.<br>(A) બાળ લકવા (B) ટી.બી. (C) ઝેરી કમળો (D) ડિપ્થેરિયા |
| 42 | આંકડીની સાથે ગર્ભધારણ રહ્યો હોય તેને શું કહેવાય છે.<br>(A) ક્યુરેટિંગ (B) ગર્ભપાત (C) સ્પેક્યુલમ (D) એકપણ નહિ |
| 43 | આંકડી નિષ્ફળ જાય ત્યારે ગર્ભ ક્યાં રહે છે.<br>(A) નળીમાં (B) ગર્ભાશયમાં (C) અંડાશયમાં (D) એકપણ નહિ |
| 44 | શૂ મૂકવાથી અંડવાહિની બંધ થવાની શક્યતા રહેલી છે.<br>(A) ગોળી (B) આંકડી (C) દોરો (D) એકપણ નહિ |
| 45 | પિચ્યૂટરીના અંતઃસ્ત્રાવનો સ્ત્રાવ અટકાવી અંડાશયમાંથી સ્ત્રીબીજને કોણ છૂટું પડતું અટકાવે છે?<br>(A) ગર્ભનિરોધક ગોળીઓ (B) આંકડી (C) નિરોધ (D) એકપણ નહિ |
| 46 | ગર્ભાશય અને અંડાશયના કેન્સર સામે કોણ રક્ષણ આપે છે?<br>(A) નિરોધ (B) કોપર-ટી (C) ગર્ભનિરોધક ગોળી (D) એકપણ નહિ |
| 47 | શેના લીધે ધાવણ ઓછું થઇ જાય છે.<br>(A) ઈસ્ટ્રોજન (B) પ્રોજેસ્ટેરોન (C) કોલોસ્ટ્રોમ (D) એકપણ નહિ |
| 48 | કાઉન્સેલિંગ એટલે શું?<br>(A) ગીતો (B) ભાષણ (C) ચર્ચા (D) સલાહ-માર્ગદર્શન |
| 49 | જે બહેનને બાળક ન જોઈતું હોય તેને શું કરવું જોઈએ<br>(A) આંકડી મૂકાવવી (B) કોપર ટી (C) ગોળી (D) ડાયાફ્રેમ |
| 50 | હરપીસ શેનાથી થતો રોગ છે?<br>(A) વાઈરલ (B) મચ્છર (C) પાણી (D) માખી |